શાળા પ્રવેશોત્સવ માટે ૪૧ રૂટ

રોજની ૨૦ શાળાઓમાં પ્રવેશોત્સવની ઉજવણીનું કરાયેલું આયોજન : ૧૪,૯૬૬ બાળકો પ્રવેશપાત્ર છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં રોજની ૨૦ શાળાઓમાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ માટે જિલ્લાતંત્રએ ૪૧ જેટલા રૂટ નિયત કરી દીધા છે. જિલ્લાની ૬૦૦ શાળાઓમાં પ્રવેશોત્સવ ઉજવવામાં આવશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકીએ આગામી શાળા પ્રવેશોત્સવ અંગે ચાલી રહેલી તૈયારીઓ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે તંત્ર આ વખતે સામાજિક સંસ્થાઓ અને કેળવણી પ્રિય અગ્રણીઓ અને શ્રેષ્ઠીજનોને સાંકળી પ્રવેશોત્સવને યાદગાર બનાવવા માટેનું આયોજન થઈ રહ્યું છે.

તેમણે જણાવ્યું હતુંકે દરેક તાલુકાની રોજની પાંચ શાળાઓમાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ પ્રવેશોત્સવ નિમિત્તે ગ્રામ સફાઈ અને ગ્રામઉત્સવ જેવુ વાતાવરણ બને તે દિશામાં આયોજન થઈ રહ્યું છે.

આ માટેના શાળાના આચાર્યોની એક બેઠક પણ આગામી દિવસોમાં યોજવામાં આવનાર છે. દરેક રૂટ પર લાયઝન અધિકારીની પણ નિમણુંક કરવામાં આવનાર છે.

શ્રી સોલંકીએ જણાવ્યું હતુ કે જિલ્લામાં ૧૪,૯૬૬ જેટલા બાળકો પ્રવેશપાત્ર છે અને આ બાળકોના વાલીઓનો પણ સંપર્ક કરી લેવામાં આવ્યો છે. ૧૧,૧૨,૧૩ જૂનના રોજ યોજનાર આ પ્રવેશોત્સવ માટે ગામમાં ઉત્સવનો માહોલ બને તે માટે સરપંચો અને શિક્ષણપ્રેમીઓ સાથે બેઠકોનો દોર ચાલુ છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરાઓ રોજ બે લાખના આઈસક્રીમની મોજ માણે છે

ગાંધીનગર, તા. ૨૫

ઉનાળાની કાળજાળ ગરમીમાં ઠંડા ઠંડા કુલ કુલ આઈસક્રીમની મજા માણવાનો આનંદ અનેરો છે. આઈસક્રીમ એક એવી ચીજ છે જે બાળકથી લઈને વડીલોને પણ અત્યંત પ્રિય છે. ગાંધીનગરમાં ગરમીની શરૂઆત સાથે જ આઈસક્રીમનું વેચાણ વધવા માંડે છે. ઉનાળાના ચાર મહિના દરમ્યાન ગાંધીનગરમાં લગભગ અઢી કરોડનો આઈસક્રીમ ખવાઈ જાય છે. એટલે કે દરરોજ બે લાખ જેટલો આઈસક્રીમ ગાંધીનગરાઓ ઉનાળામાં જાપટી જાય છે.

આઈસક્રીમની મોટી કંપનીઓ ઉપરાંત લોકલ બ્રાન્ડના આઈસક્રીમની બોલબાલા

ઉનાળાની ઋતુમાં કેરીનો રસ, શ્રીખંડ, ઠંડા પીણા અને આઈસક્રીમનો વપરાશ વધે છે. ગરમીથી રાહત મેળવવા માટે રાત્રે બહાર આંટો મારવા નીકળતા વસાહતીઓ આઈસક્રીમનો સ્વાદ અચૂક માણે

● અનુસંધાન પાન-૭ પર

વધે નામના આપની એવી શુભકામનાઓ અમારી

શ્રી હર્ષજીત પંડ્યા
ઈન્ચાર્જ મહામંત્રી
ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ

આપની ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના ઈન્ચાર્જ મહામંત્રી પદે થયેલ નિમણુંકને અમે અંતરના ઉમળકાથી વધાવીએ છીએ... સૌથી નાની વયે મહત્વની જવાબદારી શોભાવી તેનું અમને ગૌરવ છે... આપની નેતૃત્વ શક્તિમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી શુભકામનાઓ સહ...

ભાવિન પટેલ
પનઘટ કલા કેન્દ્ર પરિવાર
ગાંધીનગર

ભુજ ખાતે સ્વાતંત્ર્ય દિનની રાજ્ય કક્ષાની ઉજવણી થશે

કચ્છના ભુજમાં આવેલા હમીરસર તળાવનું અમદાવાદના કાંકરીયા તળાવની જેમ જ આધુનિકરણ કરવામાં આવશે

અમદાવાદ,તા. ૨૫

અમદાવાદ ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય દીનની રાજ્યકક્ષાની ફરવણી માટે કચ્છની પસંદગી કરવામાં આવી છે. કચ્છના ભુજમાં આવેલા હમીરસર તળાવનું અમદાવાદના કાંકરીયા તળાવની જેમ આધુનિકરણ કરવામાં આવશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૧૫ ઓગસ્ટના રોજ ભુજ ખાતે ત્રિરંગો લેહરાવશે.

ભુજના ભાજપના વરિષ્ટ ધારાસભ્ય ડૉ. નિમાબહેન આચાર્યએ મીડિયા સાથે ની વાતચીતમાં જણાવ્યું હતુ કે આ વખતે ૧૫ મી ઓગસ્ટની રાજ્યકક્ષાની ઉજવણી કચ્છના મુખ્ય મથક ભુજ ખાતે થશે. ભુજ શહેરને પાણી પુરુ પાડનાર હમીરસર તળાવ કે જે એક ઐતહાસિક તળાવ છે. તેને કાંકરિયા તલાવની જેમ વિકસાવવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે હમીરસર તળાવમાં ચોમાસા દરમિયાન પુરતા પ્રમાણમાં પાણીનો જથ્થો સંગ્રાહાયેલો રહે છે. અલબત કચ્છમાં આ વર્ષે આછતની પરિસ્થિનિ દુર થયા બાદ તેની કામગીરી શરુ થશે. તેમજ એક પ્રશ્નનાં જવાબમાં તેમણે કહ્યું કે ૧૫ ઓગસ્ટ પહેલા કચ્છના વધુ સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રકારની યોજનાઓના કાર્યો શરુ થશે. અને જે યોજનાઓ અને પ્રોજેક્ટનું કામ પુરણ થયું હોય તેનું લોકાર્પણ કરવામાં આવશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com